પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૮૪ | ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૯, રવિવાર; ભાદરવા વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# નર્મદા બંધ ૧૩૮ મીટરની ઐતિહાસિક સપાટીએ

## ડેમની સપાટી ૭૦ વર્ષમાં પ્રથમવાર ઐતિહાસિક સ્તરે પહોંચી : નર્મદા ડેમમાં પાણીની આવક ૭ લાખ ૪૮ હજાર ક્યુસેક થઈ : ૨૩ દરવાજા ખોલીને સાત લાખ ૧૭ હજાર ક્યુસેક પાણી છોડાયુ છે : ૧૭૫ ગામો એલર્ટ

અમદાવાદ,તા. ૧૪

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમે આજે ૭૦ વર્ષમાં સૌ પ્રથમવાર ૧૩૮ મીટરની ઐતિહાસિક સપાટી વટાવી દેતાં ગુજરાતભરના લોકોમાં ખુશીની લાગણી છવાઈ ગઈ છે. ખાસ કરીને ખેડૂતોમાં નર્મદા ડેમ છલોછલ ભરાઈ જતાં ખુશીનો કોઈ પાર નથી રહ્યો. હાલ નર્મદા ડેમની સપાટી ૧૩૮.૦૮ મીટરને વટાવી ગઈ છે. ડેમમાં હાલ પાણીની આવક ૭ લાખ ૪૮ હજાર ક્યુસેક થઈ રહી છે, જ્યારે ડેમના ૨૩ દરવાજા ખોલીને હાલ ૭ લાખ ૧૭ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જેના કારણે નદી કાંઠાના ૧૭૫ ગામને એલર્ટ કરી તમામ ગામોમાં તાલુકા વિકાસ અધિકારીઓ અને સરપંચો સ્ટેન્ડબાય રાખવામાં આવ્યા છે.

સરદાર સરોવર નિગમ લિમિટેડના એમડી રાજીવ ગુપ્તાએ ટ્વીટ કરીને કહ્યું છેકે, ૧૭૫ ગામો અને ત્રણ જીલ્લામાં હાઈટાઈડના કારણે ભરૂચ શહેરમાં પુરની સ્થિતિ પર કાબુ મેળવવા વધુ સ્ટોરેજની જરૂરીયાત દેખાઈ રહી છે. જીલ્લા વહીવટી તંત્રને આઉટફ્લો કંટ્રોલ કરવા માટે કહેવામાં આવ્યું છે. નર્મદા ડેમમાં પાણીની આવક ઉલ્લેખનીય વધી જતા ખુશીનું મોજુ ફરી વળ્યું છે. ગુજરાતની જીવાદોર સમાન નર્મદા નદી પરનો સરદાર સરોવર ડેમ પુર્ણ રીતે ભરાવવાની ઐતાહિસાક ઘટનાનો ઉત્સવ નવામી દેવી નર્મદે મહોત્સવ રાજયમાં ૧૭મી સપ્ટેમ્બરે ઉજવાશે. મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના માર્ગદર્શનમાં ઉજવણીના કાર્યક્રમોને આખરી ઓપ આપવામાં આવી ચુક્યો છે.



આ ઉજવણીમાં જીલ્લા કક્ષાના કાર્યક્રમ હેઠળ ૧૭મી સપ્ટેમ્બરે જે જીલ્લા મથકે આ ઉજવણી થવાની છે તે ગામ કે નગરમાં સવારે નવ વાગ્યાથી દસ વાગ્યા સુધી નદીકાંઠાના તળાવો અને ચેકડેમમાં સાફ સફાઈ કરવામાં આવશે. મહા આરતી સાથે દસ વાગે લોક માતા મા નર્મદા નીરના વધામણા કરવામાં આવશે. મહા આરતી બાદ જીલ્લા

● અનુસંધાન પાન-૭ પર

## નર્મદાના નીરને વધાવવા પધારતા પ્રધાનમંત્રી મોદી

અમદાવાદ,તા. ૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના જન્મદિવસે ગુજરાત પહોંચી રહ્યા છે. મોદીના જન્મદિવસને ભવ્ય રીતે ઉજવવા માટેની તૈયારી પણ કરવામાં આવી ચુકી છે. નર્મદા નીરના વધામણાના કાર્યક્રમને લઈને તમામ તૈયારીઓ શરૂ કરાવામાં આવી ચુકી છે. મોદીના આગમન અને ડેમના દરવાજાની આસપાસ પણ વિશેષ આયોજન કરવામાં આવી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસે નર્મદા નીરના વધામણાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. ગુજરાતની ભાજપ સરકાર આના માટે ખુબ જ ઉત્સુક છે. મોદીના જન્મદિવસે નર્મદા બંધ ઓવરફલો રહે તથા નર્મદાને મોદીના જન્મદિવસની બેવડી ઉજવણીની તૈયારી ચાલી રહી છે. વડાપ્રધાન કચેરી અને મુખ્યમંત્રી કચેરી દ્વારા નર્મદા બંધની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. નર્મદે મહોત્સવ રાજ્યભરમાં ૧૭મી સપ્ટેમ્બરે ઉજવાશે. સાફ સફાઈના કાર્યક્રમને પણ મહત્વ આપવામાં આવી રહ્યું છે. મહા આરતીનું પણ આયોજન કરાયું છે. જેમાં વડાપ્રધાન સામેલ થઈ શકે છે. સામાન્ય રીતે નરેન્દ્ર મોદી ૨૦૦૨થી ૨૦૧૮ સુધી શાસન કર્તા રહ્યા છે ત્યારે તેમના જન્મ દિવસે કંઈક નવી ભેટ રાજ્ય અને દેશને આપતા આવ્યા છે ત્યારે ગુજરાતને પણ નર્મદા બંધની ઓવર ફ્લોની સાથે ગુજરાતની પાણીની સમસ્યાના નિવારણની ભેટ આપી શકે છે અને તેના સાક્ષી બનવા માટે વડાપ્રધાન મોદી જન્મ દિવસે થોડા સમય માટે પણ નર્મદા બંધની મુલાકાત લઈ શકે છે.

## હાઉસિંગ સેક્ટર માટે ૧૦ હજાર કરોડની સહાયતા : સીતારામન

### અફોર્ડેબલ, મિડલ ઇન્કમ હાઉસિંગ માટે મદદ કરવા જાહેરાત : એનપીએ અને એનસીએલટીમાં સામેલ ન હોય તેવા પ્રોજેક્ટોને મદદ મળશે : ઘર ખરીદવા માટે ફંડ માટે ખાસ વિન્ડો બનશે : લોકોને ઘર લેવામાં સરળતા

નવી દિલ્હી, તા. ૧૪

અર્થવ્યવસ્થામાં રહેલી સુસ્તીને દુર કરવા માટે નાણાંમંત્રી નિર્મલા સીતારામને આજે અનેક મોટી જાહેરાતો કરી હતી. નાણાંમંત્રીએ અર્થવ્યસ્થા માટે રાહતની જાહેરાતો કરવાનો સિલસિલો જારી રાખ્યો છે. એકબાજુ બેંકો પાસેથી લોનના જાહેરાતોને લઈને પહેલાથી જ ભારે ઉત્સકુતા પ્રવતિ રહી હતી. કેન્દ્ર સરકારે આર્થિક સુસ્તીને દુર કરવા આજે હાઉસિંગ અને નિકાસ સેક્ટર માટે શ્રેણીબદ્ધ જાહેરાતો કરવામાં આવી હતી. આર્થિક મંદીના કારણે વિરોધ પક્ષો તરફથી ટિકા ટિપ્પણીનો સામનો કરી રહેલી સરકારે રોજગારવાળા




પ્રભાવને વધારવાના પ્રયાસો જારી રાખવામાં આવ્યા છે. ભારતમાંથી વાણિજ્ય વસ્તુઓની નિકાસ યોજના (એમઈઆઈએસ)ની જગ્યા પર નિકાસ કરવામાં આવતી ચીજવસ્તુઓ પર ચાર્જ અને કરવેરાની વાપસીની વ્યવસ્થા લાગુ કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, દેશમાંથી વાણિજ્ય વસ્તુઓની નિકાસ સંબંધિત યોજનાઓ (એમઈઆઈએસ) વસ્ત્રો માટે ૩૧મી ડિસેમ્બર સુધી અમલી રહેશે. આજે શ્રેણીબદ્ધ સેક્ટરો માટે અનેક જાહેરાતો કરી છે. એક બાજુ કેન્દ્ર સરકારે મોટા બુસ્ટરડોઝની જાહેરાત કરી છે. કેન્દ્ર સરકારે હાઉસિંગ ક્ષેત્રને ગતિ આપવા માટે દસ હજાર કરોડ રૂપિયા ૬૦ ટકા સુધી પુર્ણ થઈ ચુકેલા અટવાયેલા પ્રોજેક્ટોને આપવાની જાહેરાત કરી છે. આમા કેટલીક શરતો પણ જોડવામાં આવી છે. શરત એ છે કે, એવા પ્રોજેક્ટ એનપીએ અને એનસીએલટીમાં હોવા જોઈએ

● અનુસંધાન પાન-૭ પર

નવા કલ્પમાં નવા યુગની એક નવીન “ઉત્ક્રાંતિ”

સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેવી કે...
- બિનસચિવાલય કલાર્ક, તલાટી, કોન્સ્ટેબલ
- Dy. SO • નાયબ મામલતદાર • PSI
- DC • TDO • મામલતદાર
- મુખ્યસેવિકા • CDPO • PO
- TET • TAT • HTAT

વર્ગ-૧/૨/3 કક્ષાની ગુજરાત સરકારની તમામ પ્રકારની ભરતી પરીક્ષાઓ માટે... નીચે પ્રમાણે બેચ શરૂ થાય છે

No. 1 વર્ગ-3 કક્ષાની તમામ ગુજરાત સરકારની ભરતી પરીક્ષાઓ માટેનો સંપૂર્ણ અદ્યતન... માસ્ટર કોર્ષ 2020

| વર્ગ શરૂ થવાની તારીખ | બેચનો વાર અને સમય | બેચનો સમય ગાળો | ફીની વિગત |
|---|---|---|---|
| 10-10-2019 ગુરુવાર | સોમ થી શુક્ર સવારે 7 થી 10 અથવા શનિ / રવિ સવારે 7 થી 12 | દરરોજ 3 કલાકનું ટીચીંગ 4 માસ | ₹ 21,000/- (F) ₹ 24,000/- (M) |

No. 2 વર્ગ-1/2 (GPSC) તથા Dy.SO / નાયબ મામલતદારની પ્રિલિમ પરીક્ષા માટે માસ્ટર કોર્ષ 2020

| વર્ગ શરૂ થવાની તારીખ | બેચનો વાર અને સમય | બેચનો સમય ગાળો | ફીની વિગત |
|---|---|---|---|
| 10-10-2019 ગુરુવાર | સોમ થી શુક્ર સાંજે 4.30 થી 7.30 અથવા શનિ / રવિ બપોરે 1 થી 6 | દરરોજ 3 કલાકનું ટીચીંગ 5 માસ | ₹ 39,000/- (F) ₹ 43,000/- (M) |

No. 3 વર્ગ-1/2/3 કક્ષાની તમામ પરીક્ષાઓ માટે ગ્રાન્ડ માસ્ટર કોર્ષ 2020 માસ્ટર કોર્ષ 2020

| વર્ગ શરૂ થવાની તારીખ | બેચનો વાર અને સમય | બેચનો સમય ગાળો | ફીની વિગત |
|---|---|---|---|
| 10-10-2019 ગુરુવાર | સોમ થી શુક્ર બપોરે 11 થી 4 | દરરોજ 5 કલાકનું ટીચીંગ | ₹ 51,000/- (F) ₹ 56,000/- (M) |

6 માસનો ખાસ તૈયાર કરેલ અભ્યાસ ક્રમ

સંસ્થાની વિશેષતા :
ઉત્ક્રાંતિ - TCCI ગ્રુપના સહયોગથી જેમના વર્ષ 1994 થી સ્પર્ધાત્મક પરીક્ષાઓના ક્ષેત્રનો વિશાળ અનુભવ છે, ગાંધીનગરમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવાની શરૂઆત કરનાર સંસ્થા “TCCI” ના અનુભવ હેઠળ ખાસ અનુભવી પ્રાધાપકો દ્વારા શિક્ષણ

સંપૂર્ણ AC વર્ગ | કેમ્પસમાં જ ભાઈઓ/બહેનો માટે હોસ્ટેલની સુવિધા | લાયબ્રેરી સુવિધા

કુદરતી વાતાવરણના સાનિધ્યમાં શિક્ષણ

કોર્ષની ખાસીયત :
- ટોપિક્સના અંતે ટેસ્ટ
- અઠવાડિક ટેસ્ટ / માસ્ટર ટેસ્ટ
- મર્યાદિત સંખ્યા
- સંપૂર્ણ સાહિત્ય સંસ્થા દ્વારા ફ્રી
- SMS દ્વારા વાલીશ્રીને પ્રગતિની જાણકારી.

પ્રવેશ માટે રૂબરૂ / ફોન સંપર્ક સમય
- તમામ કોર્ષમાં પ્રવેશ શરૂ થવાની તારીખ : 19-09-2019 (ગુરુવાર)
- પ્રવેશ માટે રૂબરૂ સમય : સવારના 9-30 થી સાંજના 6-00 સુધી
- પ્રવેશ માટે પાસપોર્ટ સાઈઝ ફોટો, LC, છેલ્લી માર્કશીટની કોપી, આધારકાર્ડ અવશ્ય લાવવું.


સોમવાર થી શનિવાર (દર રવિવારે રજા રહેશે)

SINCE 1994
ઉત્ક્રાંતિ-TCCI કેરીયર એકેડેમી
નોકરી અંગેની ભરતી પરીક્ષાઓ માટેની તૈયારી કરાવતી સંસ્થા

સરનામું
બાપુ ગુજરાત નોલેજ વીલેજ બ્લોક ડી, બીજો માળ, મુ.પો. : વાસન, ગાંધીનગર-માણસા સ્ટેટ હાઈવે, તા.જી. ગાંધીનગર.

CONTACT : 93163 55863, 99258 02948

WEBSITE : www.theknowledgevalley.com
Email : info@theknwoledgevalley.com





નવરાત્રી કલેક્શન
- ★લેટેસ્ટ ફેશનના ચણિયાચોળી
- ★બાંધણી ચણિયાચોળી ★લ્હેર્યા ચણિયાચોળી
- ★ઈક્ત પ્રીન્ટના ચણિયાચોળી
- ★ગજી સિલ્કના ★મિરર વર્કના
- ★ફ્રીલવાળા ★ઝુલવાળા
- ★તેમજ અન્ય વેરાયટીમાં મળશે.

પ્રાચી હેમંતભાઈ મહેતા (ફેશન ડિઝાઈનર)
પ્લોટ નં.૧૭૩, શોપીંગ સેન્ટર, સેક્ટર-૧૯, ગાંધીનગર. ફોન નં.૦૭૯-૨૩૨ ૨૪૦૭૦
ફક્ત લેડીઝ માટે



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

## બેસણું



જન્મ : ૯-૧૧-૧૯૧૯
સ્વર્ગવાસ : ૧૧-૯-૨૦૧૯

અમારા પૂજ્ય પિતાશ્રી અને ગુજરાતના મૂર્ધન્ય સાહિત્ય વિવેચક, ભાવનગરની શામળદાસ આર્ટસ કોલેજના નિવૃત્ત પ્રિન્સિપાલ અને મનહરકુંવરબા રાજપૂત છાત્રાલય, ભાવનગરના ગૃહપતિ **શ્રી તખ્તસિંહજી પરમારનું** ભાવનગર ખાતે તા. ૧૧.૯.૨૦૧૯ના રોજ ૧૦૦ વર્ષયની આયુએ દેહાવસાન થયું છે. **તેમનું બેસણું ગાંધીનગર ખાતે તા. ૧૬/૯/૨૦૧૯, સોમવારના રોજ શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ, બ્લોક નં. ૧૪૬/૪, ‘ચ’ ટાઈપ, સેક્ટર-૧૭, હનુમાનજી મંદિર પાસે સાંજે ૪.૦૦ થી ૭.૦૦** દરમિયાન રાખેલ છે.

લિ.

જગદીશસિંહ તખ્તસિંહજી પરમાર (પ્રમુખ, AGRYS, ભાવનગર)
અશોકસિંહ તખ્તસિંહજી પરમાર (નિ.નાયબ સચિવ અને SKKRSS ટ્રસ્ટી અને નિયામક)
બાશ્રી દશરથબા મહેન્દ્રસિંહ પરમાર (IAS કરિયર એકેડેમી, લેકાવાડા, ગાંધીનગર)
પ્રા. ડો. મહેન્દ્રસિંહ તખ્તસિંહજી પરમાર
(લેખક-નાટ્યકાર અને વડા-ગુજરાતી વિભાગ, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર